# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-09-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# NEW PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનું આહ્વાન કર્યું. તેમણે ભારપૂર્વક કહ્યું, વિદેશ પર ભારતની નિર્ભરતા તેના સૌથી મોટા દુશ્મનોમાંથી એક છે. તેમણે કહ્યું, વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ભારત એક આત્મનિર્ભર દેશ તરીકે વિશ્વ સમક્ષ ઊભું થાય તે સમય આવી ગયો છે.

પ્રધાનમંત્રી આજે ભાવનગરમાં 32 હજાર કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ 'સમુદ્ર સે સમૃદ્ધિ' કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. ભારતને દરિયાઈ મહાશક્તિ બનાવવાના તેમની સરકારના સંકલ્પ અંગે શ્રી મોદીએ કહ્યું, વર્ષ 2047 સુધીમાં વૈશ્વિક દરિયાઈ વેપારમાં હિસ્સો ત્રણ ગણો કરવાનો ભારતનો લક્ષ્યાંક છે.

## (BYTE: PM MODI MERITIME POWER)

વધુમાં, પ્રધાનમંત્રીએ બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય હેઠળના 66 હજાર કરોડ રૂપિયાના 21 સમજૂતી કરાર પણ વર્ચ્યૂઅલી સમર્પિત કર્યા. ભારતની ઐતિહાસિક દરિયાઈ શક્તિનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, એક સમય હતો. જ્યારે વિશ્વનો 40થી 50 ટકા દરિયાઈ વેપારનો ભારતમાં બનેલા જહાજ દ્વારા થતો હતો. તેમણે ઉમેર્યું, દેશ હવે તેના વારસાને ફરીથી મેળવવા અને વૈશ્વિક દરિયાઈ શક્તિ તરીકે ઉભરી આવવા માટે સખત મહેનત કરી રહ્યો છે.

શ્રી મોદીએ સ્વદેશી અને આત્મનિર્ભરતા પર ભાર આપતા કહ્યું, ચિપ હોય કે શિપ ભારતમાં જ બનાવવા પડશે.

**(BYTE: PM MODI – SHIP)**

ભારતના સભ્યતાપૂર્ણ દરિયાઈ વારસા પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ કહ્યું, સરકાર દેશની પ્રાચીન દરિયાઈ પરંપરાઓનું પ્રદર્શન કરવા અને ભવિષ્યની પેઢીઓ માટે તેનું સંરક્ષણ કરવા લોથલ ખાતે રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંગ્રહાલયની સ્થાપના થઇ રહી છે.

. . . . . . . . . . .

# DHORADO SOLAR VILLAGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાવનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કચ્છના ધોરડો સૌરઊર્જા ગામનું ઇ-લોકાર્પણ કર્યું. મહેસાણાના મોઢેરા, ખેડાના સુખી અને બનાસકાંઠાના મસાલી ગામ બાદ ધોરડો રાજ્યનું ચોથું સૌરઊર્જાથી સંચાલિત ગામ બન્યું છે. આ ગામમાં સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન- U.N.W.T.O. દ્વારા શ્રેષ્ઠ પ્રવાસ ગામ તરીકે ધોરડો ગામનું પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ 100 ટકા સૌરીકરણ કરાયું છે.

. . . . . . . . . . .

# PM MODI MOVIE REVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી એક સપ્તાહ સુધી "ચલો જીતે હૈ" ફિલ્મ રાજ્યના દરેક સિનેમાઘરોમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે. ફિલ્મ જોનારાં વરિષ્ઠ નાગરિકે આ અંગે પ્રતિક્રિયા આપી.

**(BYTE: મહિલા દર્શક)**

. . . . . . . . . . .

# Co-operative seminar – Jamkhambhaliya

દેવભૂમિ દ્વારકામાં જામખંભાળિયા ખાતે સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં સહકારથી સમૃદ્ધિ અંતર્ગત સહકારી સંસ્થાઓની કાર્યશાળા યોજાઇ. આ પ્રસંગે શ્રી વિશ્વકર્માએ વિવિધ મંડળીઓના પ્રમુખ તથા મંત્રીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમણે કહ્યું, ગ્રામીણ અર્થતંત્રને વધુ સશક્ત બનાવવામાં સહકારી ક્ષેત્રનું યોગદાન અમૂલ્ય રહેશે. તેમણે ઉમેર્યું ત્રિભુવન વિશ્વવિદ્યલયની સ્થાપના થકી સહકારી ક્ષેત્રમાં રોજગારી ઇચ્છુક યુવાનો માટે નવી તકનું નિર્માણ થયું છે.આ કાર્યશાળામાં વિવિધ સહકારી મંડળીઓ દ્વારા કામગીરીની રજૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી  મુળુભાઇ બેરા પણ ઉપસ્થિતિ રહ્યા હતા.

. . . . . . . . . . .

# AARATI NAGOH – TACKWENDO MEDAL

સુરેન્દ્રનગરનાં ખેલાડી આરતી નાગોહે ટેકવેંન્ડો સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. પાટડીનાં જીવણગઢ ગામના આરતી નાગોહએ ઓડિશામાં ભારતીય રમતગમત સત્તામંડળ દ્વારા યોજાયેલી “ખેલો ઇન્ડિયા ગેમ્સ” સ્પર્ધામાં આ સિદ્ધિ મેળવી છે. તાજેતરમાં તેમણે સુરત ખાતે યોજાયેલી ખેલો ઇન્ડિયા અસ્મિતા લિગમાં પણ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

. . . . . . . . . . .

# RAIN IN DISTRICTS

રાજ્યના કેટલાક જિલ્લામાં આજે વરસાદી માહોલ જોવા મળ્યો. બોટાદ જિલ્લામાં ત્રીજા દિવસે વરસાદ શરૂ થયો હતો. બોટાદ અને ગઢડા બાદ રાણપુર શહેરના ધારપીપળા માર્ગ, લીંબડી માર્ગ, બોટાદ માર્ગ સહિત રાણપુરની મુખ્યબજારોમાં વરસાદ થઈ રહ્યો છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, અમદાવાદના કેટલાક વિસ્તારમાં પણ હાલ મધ્યમ વરસાદ થઈ રહ્યો છે.

. . . . . . . . . . .

# Governor mukteshvar dam visit

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે  આજે બનાસકાંઠા જિલ્લાના વડગામમાં મુક્તેશ્વર બંધની મુલાકાત લીધી.તેમણે જળાશયનું નિરીક્ષણ કરી અધિકારીઓ પાસેથી પાણીની ઉપલબ્ધતા, સિંચાઈ તથા પીવાના પાણી માટેના ઉપયોગ અંગે વિગતવાર માહિતી મેળવી તેમજ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સાર્વત્રિક વરસાદને કારણે સરસ્વતી નદી પર આવેલા આ બંધમાં પાણીની સારી આવક થઇ છે.

. . . . . . . . . . .